# ગાંધીનગરમાં કોરોનાના ૮ કેસ : શહેરમાં-૨, ગ્રામ્યમાં-૬

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસો વધી રહ્યા છે. શહેરમાં બે અને જિલ્લામાં ૬ કેસ નોંધાયા છે. જો કે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪ જ કેસ નોંધાયાનું જિલ્લાતંત્ર કહી રહ્યું છે.

ગાંધીનગરમાં એક તરફ વાયબ્રન્ટની ચાલી રહેલી તૈયારીઓ વચ્ચે કોરોના રિટર્નસ જે રીતે થઈ રહ્યો છે તેને લઈ તંત્ર ચિંતાતુર બન્યુ છે.

શહેર-જિલ્લામાં કોરોનાનો પોઝીટીવીટી રેટ ૧.૭૫ ટકાથી વધી ગયો હોવાથી તંત્રએ સઘન સર્વેલન્સ તેમજ કન્ટેનમેન્ટ ઝોનના અમલીકરણ અંગેની સક્રિય વિચારણાઓ હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ખાસ કરીને કલોલ અને ગાંધીનગરમાં ઝડપથી વધી રહેલા કેસોને લઈ તંત્ર ચિંતાતુર બન્યુ છે. આ બન્ને તાલુકાઓ અમદાવાદ સાથે નજીકથી સંકળાયેલા છે તેમજ સામાન્ય વ્યવહારો પણ અમદાવાદ આધારિત બન્યા છે.

ગાંધીનગર શહેરમાં પણ કેસ સત વધી રહ્યા છે. શહેરમાં ખાસ કરીને નવા સમાવાયેલા ગ્રામ્ય વિસ્તારમાં કેસો વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

## શહેરમાં કોરોનાના વધુ ૨ કેસ

**કુડાસણ અને સે. ૨ માં કેસ નોંધાયા : શહેરમાં આજે ૪ દર્દી કોરોનામુક્ત થતાં ડિસ્ચાર્જ અપાયુ : ૧૩ એક્ટીવ કેસ**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ બે કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૪૧ થઈ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં જે ઝડપથી કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધવા પામી છે. તંત્રએ સઘન સર્વેલન્સ અંગેની સૂચનાઓ જારી કરી છે.

શહેરમાં આજે ૪ દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ઓમિક્રોન અને કોવિડ-૧૯ના કેસો હોવાથી તંત્રની ચિંતા વધી છે.

આજે નોંધાયેલા બે કેસમાં એક કેસ કુડાસણ ગામમાંથી મળ્યો છે. ખાનગી નોકરી કરતા ૩૫ વર્ષીય યુવકને તાવ વધુ પડતો આવ્યો હોવાથી ટેસ્ટ કરાવતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને વેક્સિનના બન્ને ડોઝ લીધા છે. યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૨ માંથી આજે એક ૨૫ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. એ-સિમ્ટોમેટીક આ યુવતીએ તાજેતરમાં અમદાવાદની મુલાકાત લીધી હોવાનું જાણવા મળેલ છે.

આ યુવતીએ પણ વેક્સિનના બન્ને ડોઝ લીધા છે અને હાલ તેણીની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે. આ યુવતીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશન તેમજ ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા વધીને ૧૩ થઈ છે. શહેરમાં સઘન સર્વેલન્સ પણ શરૂ કરવામાં આવ્યુ છે. આગામી ૧લી જાન્યુઆરીથી શહેરના વિવિધ વિસ્તારોમાં ૧૦ જેટલા ધન્વન્તરી રથો શરૂ કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ કહ્યુ છે.

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જિલ્લાતંત્ર ૪ કેસ કહે છે રાજ્ય સરકાર ૬ કેસ કહે છે

**૧ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયો, કલોલમાં એક જ પરિવારના ૩ સભ્યોનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે સતત બીજે દિવસે ૪ કેસ નોંધાયાનું જિલ્લાતંત્રએ જણાવ્યુ છે. જો કે રાજ્ય સરકારની સત્તાવાર યાદીમાં ૬ કેસ દર્શાવવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે ઝડપે કેસો મળવાના શરૂ થયા છે તેણે તંત્રની ચિંતા વધારી દીધી છે.

જિલ્લાતંત્રના જણાવ્યાનુસાર આજે નોંધાયેલા ૪ કેસમાં ૩ કેસ કલોલમાં અને એક કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયો છે.

કલોલ અર્બનમાં એક જ પરિવારના ત્રણ સભ્યોનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. દિકરીને અમેરિકા જવાનુ હોવાથી પરિવારે કોરોનાનો ટેસ્ટ કરાવતાં પરિવારના ત્રણ સભ્યોનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ત્રણેય સભ્યોએ વેક્સિનના બન્ને ડોઝ લીધા હોવાનું જાણવા મળેલ છે.

આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. માતા-દિકરી અને પિતાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલ આર્મી કેમ્પમાં આજે એક કેસ નોંધાયો છે. ગાંધીનગર શહેરને અડીને આવેલ આ દળોમાં કેસો દેખાવાના શરૂ થતાં તંત્રની દોડધામ વધી જવા પામી છે.

આર્મી કેમ્પમાં ૨૨ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## બગીચાઓનું નામાભિકરણ કરાયુ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના ૧૪ બગીચાઓનું આજે લોકાર્પણ કરાયા પછી આ બગીચાઓનું નામાભિકરણ પણ કરવામાં આવ્યું છે.

શહેરમાં ૫૫ થી વધુ બગીચાઓ આવેલા છે. જેમાંથી ૩૩ બગીચાઓ મનપાને સોંપવામાં આવ્યા છે અને મનપા દ્વારા આ બગીચાઓનું રિનોવેશન સાથે નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે.

આજે જે બગીચાઓનું લોકાર્પણ થયુ તેના નામાભિધાન કરવાનો નિર્ણય મનપાએ કર્યો છે. અપાયેલા નામ આ પ્રમાણે છે.

- સે. ૩-એ - સ્વામી વિવેકાનંદ ઉદ્યાન
- સે. ૩-ડી - બાલઉદ્યાન
- સે. ૬ - ભક્ત કવિ નરસિંહ મહેતા ઉદ્યાન
- સે. ૧૪ - ડૉ. આંબેડકર ઉદ્યાન
- સે. ૧૭ - સુભાષચંદ્ર બોઝ ઉદ્યાન
- સે. ૨૦ - અક્ષર બાગ
- સે. ૨૨ (વાસ્તુનિર્માણ)- સરદાર પટેલ ઉદ્યાન
- સે. ૨૨ (સત્યમ) - કેશવ બાગ
- સે. ૨૫ - રામકૃષ્ણ પરમહંસ ઉદ્યાન
- સે. ૧૨ - મહારાણા પ્રતાપ ઉદ્યાન
- સે. ૨૨ (આનંદવાટિકા) - આચાર્ય ભગવંત પદ્મસાગરસુરીશ્વરજી મહારાજ પાથ
- સે. ૨૬ - સંતશ્રી કબીર ઉદ્યાન
- સે. ૨૯ - ભારત રત્ન અટલ બિહારી બાજપેઈ ઉદ્યાન



ગાંધીનગર શહેર આજકાલ જાણે વાયબ્રન્ટ બની ગયુ છે. શહેરના રંગરૂપ બદલાઈ રહ્યા છે. ઘણુ નવુ બની રહ્યુ છે તો ક્યાંક જુનાની મરામત કરીને અથવા તો રંગરોગાન કરીને તેને નવા જેવુ બનાવાઈ રહ્યુ છે. ઘ-૩ સર્કલ પાસેના થાંભલાઓને સિલ્વર રંગે રંગરોગાન કરવામાં આવી રહ્યું છે.

## જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૧૨મીએ યોજાશે

**સામાન્યસભા પંચાયતોની ચૂંટણીની આચારસંહિતાને લઈ લંબાઈ ગઈ : પંચાયત સંકુલમાં ગંદકી કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરાશે**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની આગામી સામાન્ય સભા ૧૨મીના રોજ યોજાશે. પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલના અધ્યક્ષસ્થાને બપોરે બે વાગે પંચાયતના સરદાર હોલમાં આ બેઠક મળશે.

જિલ્લા પંચાયતની આ સામાન્ય સભામાં આગની દુર્ઘટના પછી થયેલ નુકશાન જે રૂ. ૫૩ લાખ જેટલુ છે તેથી પંચાયતના રિનોવેશન અને રંગરોગાનને લઈ નિર્ણય લેવામાં આવશે.

આ સામાન્ય સભામાં ૧૫મા નાણાં પંચના જિલ્લાકક્ષાની ગ્રાન્ટા કામોના આયોજન અંગે પણ નિર્ણય કરવામાં આવશે. જિલ્લાની ખેતીવાડી શાખા હસ્તકના બિયારણ વૃદ્ધિ કેન્દ્રોની મુદત વધારવા અંગે તેમજ પાણીની સમસ્યાને લઈ રેઈટ કોન્ટ્રેક્ટથી જુદી જુદી ક્ષમતાના બોર બનાવવા બાબતે પણ મંજૂરી આપવામાં આવનાર છે.

જિલ્લા પંચાયત સંકુલમાં ગંદકી કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવશે. સ્વચ્છતા મિશન અંતર્ગત પંચાયત સંકુલમાં સ્વચ્છતા જળવાતી નથી અને

● અનુસંધાન પાન-૭ પર

## સેક્ટર-૨૩માં શોપિંગના જાહેર શૌચાલયને આખરે તાળુ મારી દેવાયુ

**ગટર ઉભરાતા સેક્ટરના માર્ગો પર દુષિત પાણી ફરી વળ્યા : છેલ્લા બે મહીનાથી ગટર લાઇનની સમસ્યાનો હલ આવતો નથી**

ગાંધીનગર તા ૨૯

સે-૨૩ સ્થિત મુખ્ય શોપિંગ સેન્ટર પાસે સ્થિત જાહેર શૌચાલયની ગટર લાઈન છેલ્લા એક મહીનાથી ઉભરાતા આ



વિસ્તારમાં અસહ્ય ગંદકી ખદબદી રહી છે. આ મામલે તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાયા નથી જયારે આ નર્કાગારની સ્થિતિ વચ્ચે જાહેર શૌચાલયને જ તાળુ મારી દેવાયુ છે. ગટરનુ દુષિત પાણી નજીકના મુખ્ય માર્ગો પર ફરી વળતા સ્થાનિકો અસહ્યુ દુર્ગંધના લીધે ગુંગળામણ અનુભવી રહ્યા છે.

ગાંધીનગરમાં હાલ વાઈબ્રન્ટ સમિટને ધ્યાનમાં રાખી નગરના મુખ્યમાર્ગો તેમજ વિવિધ વિસ્તારને સુશોભિત કરવા માટે આખુ તંત્ર ઉંધા માથે છે. પરંતુ સેકટરોના આંતરિક વિસ્તારમાં હાલ માળખાગત સુવિધાઓ પણ છીનવાઇ રહી છે. શહેરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા જુની અને જટીલ છે. ત્યારે ગટરો ઉભરાવાની સમસ્યાનો સમયસર નિવેડો ન આવતા સેકટરમાં સ્થિત જાહેર શૌચાલયને પણ તાળાબંધી કરવાનો સમય આવ્યો છે. સે-૨૩ મુખ્ય શોપિંગ સેન્ટર પાસે પણ આવી જ સ્થિતિ સર્જાઇ છે. સેકટરના શૌચાલયને તાળુ મારવાની નોબત આવી છે. આ શૌચાલયમાં ગટર લાઇનમાં લીકેજ હોવાના લીધે આ વિસ્તારમાં દુષિત પાણીના ભરાવા વચ્ચે ગંદકીના થર જામ્યા છે. દુષિત પાણી નજીકના માર્ગ પર ફરી વળતા સ્થાનિકોના આરોગ્ય સામે પણ જોખમ મંડરાયુ છે. ગાંધીનગરને સ્વચ્છ, સુંદર અને રળિયામણુ બનાવવા માટે અનેક મોટી વાતો થાય છે. જયારે સ્વચ્છ ભારતના અભિયાન અન્વયે હાથમાં સાવરણી પકડી ફોટો ફંકશનમાં નેતાઓ હરખાઇને ફોટો ખેંચાવતા પણ નજરે પડે છે. પરંતુ વાસ્તવિક સ્થિત કાંઇક અલગ છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં છેવાડાના ગામ જેવી સ્થિતિ છે. મુખ્ય લાઇન સાથે જોડાયેલી શૌચાલયની લાઇનનુ જોડાણ પણ મળતુ ન હોવાના લીધે

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં સતત ત્રીજા દિવસે ૧૧ ડિગ્રી પારો રહ્યો

**સતત ત્રણ દિવસથી ૧૧ ડિગ્રીની આસપાસ રહેતા અને સાથે જ ઠંડા પવનો ફુંકાતા નગરજનો ઠંડીમાં ઠુંઠવાયા હતા**



ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર અને નલીયામાં આજે સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૧.૩ ડિ.સે. રહેતા વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતા. છેલ્લા ત્રણ દિવસથી શહેરમાં લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યું છે.

બે દિવસ અગાઉ ગાંધીનગરમાં માવઠાની સ્થિતિ સર્જાઈ હતી. ઘણા વિસ્તારોમાં માવઠુ પડ્યુ હતુ. જો કે માવઠાની અસર ઓછી થતાં અને વાદળો વિખેરાતા ઠંડીનું જોર વધતુ જાય છે. શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી નોંધાઈ રહ્યુ છે. લઘુત્તમ તાપમાન સતત ત્રણ દિવસથી ૧૧ ડિગ્રીની આસપાસ રહેતા અને સાથે જ ઠંડા પવનો ફુંકાતા નગરજનો ઠંડીમાં ઠુંઠવાયા હતા. ગાંધીનગર અને નલીયા રાજ્યના સૌથી ઠંડા શહેરો રહ્યા છે. શહેરમાં લઘુત્તમ તાપમાન ૧૧.૩ ડિ.સે. અને મહત્તમ તાપમાન ૨૪ ડિગ્રી નોંધાયુ છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી એકાદ-બે દિવસમાં લઘુત્તમ તાપમાન વધુ નીચુ જઈ શકે છે. ઠંડીની વધુ એક લહેર આવી શકે છે.

## વાઈબ્રન્ટ ઈફેક્ટ : શહેરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાની સાથે સાઈન બોર્ડસને પણ કલર

**તુટેલા સાઇન બોર્ડસનુ રીપેરીંગ : દાયકા પુર્વે વાઇબ્રન્ટને અનુલક્ષી નવા સાઇન બોર્ડસ મુકવામાં આવ્યા હતા**

ગાંધીનગર તા ૨૯

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરમાં મુખ્યમાર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે સ્ટ્રીટ લાઈટ અને ફુટપાથની સાથે સાઈન બોર્ડસને પણ રંગરોગાન કરવામાં આવી રહ્યો છે. સેકટરોમાં તુટેલા સાઈન બોર્ડસનુ રીપેરીંગ કરવામાં આવી રહ્યુ છે. શહેરને વાઈબ્રન્ટ લુક આપવાની કામગીરી આખરી તબક્કમાં ચાલી રહી છે.

વાઈબ્રન્ટ સમિટ નજીક આવતા શહેરને વાઈબ્રન્ટ લુક આપવાનુ કામ આખરી તબક્કામાં ચાલી રહ્યુ છે. શહેરમાં મુખ્યમાર્ગોની સુધારણા સાથે માર્ગો પર થર્મોપ્લાસ્ટના પટ્ટા લગાવવા માટે પણ ટીમ કામે લાગી છે. આ ઉપરાંત શહેરના સેન્ટ્રલ વર્જમાં રંગરોગાન તેમજ વૃક્ષોનુ ટ્રીમીંગ અને ફુટપાથના કર્બિંગને પણ કલર કરવામાં આવી રહ્યો છે. સેકટરોમાં વન આરક્ષિત વિસ્તારની સફાઇ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત એક્ઝિબ્યુશન સેન્ટર પર માર્ગોના રીસરફેસીંગનુ કામ તેમજ આ વિસ્તારમાં સે-૧૭




ના રીંગ રોડના વાઇડનીંગનુ કામ પણ પુર્ણ કરી દેવાયુ છે. મહાત્મા મંદિર પાસે પેવર બ્લોક સી સી કેમેરા તેમજ સિગ્નલ લગાવી દેવાયા છે. આ ઉપરાંત મહાત્મા મંદિર ફરતે સાત ફુટ ઉંચી ફેન્સીંગ પણ સલામતીના ભાગરૂપે લગાવી દેવામાં આવી છે. શહેરના મુખ્યમાર્ગો પર સ્ટ્રીટ લાઇટના થાંભલાને કલર કામ કરવામાં આવી રહ્યુ છે. જયારે ત્રણ વર્ષના અંતે મુખ્યમાર્ગોના સાઇન બોર્ડસને પણ રંગરોગાન કરવામાં આવી રહ્યો છે. દિશાસુચક સાઇન બોર્ડસ તુટી ગયા હોય તેવા ઠેકાણે રીપેરીંગ કરવામાં આવી રહ્યુ છે. કેટલાક ઠેકાણે નવા સાઇન બોર્ડસ પણ લગાવી દેવાયા છે. આ ઉપરાંત અત્યાર સુધી ખુણામાં ધરબાયેલુ કેપિટલ સ્ટેશન પણ હવે લીલા હોટલ ધમધમતા લાઇમ લાઇટમાં આવી ગયુ છે. કેપિટલ સ્ટેશનને શતાબ્દિ એકસપ્રેસ સહીતની નવી ટ્રેઇન સેવા મળતા

● અનુસંધાન પાન-૭ પર


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | ASTRAL PIPES | PRINCE PIPING SYSTEMS | Jaquar experience bathing | DR. FIXIT | Birla White THE WHITEST WHITE CEMENT | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


## ગુડાના વિવિધ ટાઉન પ્લાનીંગ સ્કીમના ચાર પ્લોટની હરાજી કરાશે

**કોર્મશિયલ અને રહેણાંકના હેતુથી પ્લોટની ઓનલાઇન હરાજી કરાશે : નિયત સમયમાં ચુકવણુ નહીં કરનારની ડીપોઝીટ પણ જપ્ત કરાશે**

ગાંધીનગર તા ૨૯

ગુડા દ્વારા રહેણાંક અને કોર્મશિયલ હેતુને ધ્યાનમાં રાખી જમીનનુ વેચાણ કરવા માટે ઓનલાઈન પદ્ધિતિથી હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. જયારે આ અન્વયે શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા સરગાસણ , કુડાસણ, પોર, અને વાવોલની ટાઉન પ્લાનીંગ સ્કીમમાં ૪ જેટલા પ્લોટની પસંદગી પણ કરી દેવામાં આવી છે. જેમાં નિયત સમય મુજબ ચુકવણુ નહીં કરાનારની ડીપોઝીટ પણ જપ્ત કરવાની શરત પણ અમલી રહેશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આગામી ટુંક સમયમાં ગુડા વિસ્તારની વિવિધ ચાર ટાઉન પ્લાનીંગ સ્કીમના વિસ્તારમાં વાણિજય અને રહેણાંકના હેતુ માટે ઓનલાઈન હરાજી પધ્ધતિથી જમીન વેચાણ કરવાની પ્રક્રીયા હાથ ધરાશે. સરગાસણ , કુડાસણ , પોર અને વાવોલ ટાઉન પ્લાનીંગ વિસ્તારમાં વિવિધ ચાર જેટલા પ્લોટની પસંદગી કરી દેવામાં આવી છે. જયારે ઈ ઓકશન મુજબ પ્લોટ ખરીદવા માંગતા આસામી કે પેઢીએ ગુડાના નિયમ મુજબ ડીપોઝીટની રકમ પણ ચુકવાની રહેશે. નિયત સમય મર્યાદામાં ચુકવણુ નહીં કરનારની ડીપોઝીટ જપ્ત કરવાની શરત પણ અમલમાં મુકાશે. ગુડાના અધિકારીઓએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે ટાઉન પ્લાનીંગ સ્કીમ નં -૬ અને ૭ અલબત્ત સરગાસણ , કુડાસણ અને પોરના વિસ્તારમાં બે ફાઈનલ પ્લોટ હરાજીમાં મુકાશે. જેમાં પ્લોટ નં -૧૨૭ વાણિજય હેતુ માટે ૧૨૫૭૩ ચો મી નો છે. જયારે દુકાનો માટે ફાઈનલ પ્લોટ નં -૧૫૨ હરાજીમાં મુકવામાં આવશે જેનુ ક્ષેત્રફળ ૯૪૮૨ ચો મી નુ રહેશે. આ ઉપરાંત ટી પી ૮ માં સરગાસણ વિસ્તારમાં આર ૪૬ નંબરનો ફાઈનલ પ્લોટ રહેણાંકના હેતુ માટે વેચાણ અર્થે મુકાશે. આ પ્લોટ ૭૧૮૬ ચો મી વિસ્તારનો છે. જયારે ટી પી સ્કીમ નં -૧૩ અલબત્ત વાવોલના વિસ્તારમાં સ્થિત ફાઈનલ પ્લોટ નં -૨૯૭ ને વાણિજય હેતુ માટે વેચાણ કરવા માટે મુકવામાં આવશે. જેનુ ક્ષેત્રફળ ૧૭૮૮ ચો મી નુ છે. શહેરી વિસ્તારની વિવિધ નગર રચના યોજનાઓ આખરી કરવા દરમિયાન ગાંધીનગર

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com